| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


**અપીલ અરજી નં. ૦૧/૨૦–૨૧**

**અરજદાર :** શ્રી પ્રદિપ મનસુખભાઈ મુંજાણી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી પ્રદિપભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૧૯/૦૨/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૩૨૯૧ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૯/૦૬/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/20-21.**

અરજદાર શ્રી પ્રદિપભાઈ મનસુખભાઈ મુંજાણી એ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૧૯/૦૨/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૩૨૯૧ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૭૫૧ તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ નમુનો–ગ મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૭૫૧ તા.૧૬/૦૩/૨૦૨૦ થી આપવામાં આવેલ જે માહિતી સંદર્ભે આપેલ ફરિયાદ અરજી પર કોઈ કાર્યવાહી થયેલ નથી. તેમજ સામેલ અપીલ અરજી સાથે મુદ્દા નં.૧ થી ૭ માં વિગત જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| મુદ્દા નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૧ | સ્લમ અપગ્રેડેશન વિભાગમાંથી મળેલ પત્રક નં ૨૭૧, તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ ૨૧ પાનાં ના "૪૨" રૂપિયા ભરવા કહેલ. તે અમે કતારગામ ઝોનમાં તા.૨૩/૦૩/૨૦૨૦ ના રોજ આ "૪૨" રૂપિયા ભરેલ પણ આજ દિન સુધી આ પાના "૨૧" અમને મળેલ નથી બાબત. | સદર બાબતે અત્રેના વિભાગ ધ્વારા નકલ ફી ભરપાઈ કરવા કોઈ પત્ર પાઠવવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |
| મુદ્દા નં.૨ | તા.૧૯/૦૨/૨૦૨૦ ના રોજ મધ્યસ્થ કચેરી સુરત મહાનગર પાલિકામાં આપેલ અરજી ઉપર થયેલ કાર્યવાહીની માહિતી મળેલ નથી તે બાબત. બાંધકામમાં ભ્રષ્ટાચાર થયેલ તે બાબત સંપુર્ણ માહિતી મળેલ નથી. | સદર અરજી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |
| મુદ્દા નં.૩ | મુદ્દા નં.૧ થી ૭ ની સંપુર્ણ માહિતી મળેલ નથી તે બાબત. | જે સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા નં એફો.હા.સેલ/ ૧૭૫૧ તા.૧૬/૦૩/૨૦ થી નમુના–ગ મુજબ નીચે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૪ | મુદ્દા નં.૩ માં આપેલ માહિતી કે | મુળ અરજીના મુદ્દા નં.૩ માં માંગવામાં આવેલ માહિતી સંદર્ભે |

| | | |
|---|---|---|
| | એફિડેવીટ લાભાર્થીઓની રેકર્ડમાં ઉપલબ્ધ છે ને મુદ્દા નં.૪ ની માહિતીમાં જણાવેલ કે એફીડેવીટ ઉપલબ્ધ રેકર્ડમાં તે માહિતી નથી.આ બંન્ને મુદ્દામાં આપેલ માહિતી ખોટી અને ગેરસમજ ગેરમાર્ગે દોરવાની હોય સંપેર્ણ અને સાચી માહિતી આપવા બાબત | એલ.આઈ.જી તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં કોમ્પ્યુટરાઈઝડ ડ્રો થયા બાદ સફળ થયેલા લાભાર્થીઓ જયારે ૨૦% માર્જીન મનીના પ્રથમ હપ્તાની રકમ ભરવા આવે તેવા તમામ લાભાર્થીઓ પાસે નિયત કરેલા સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ લેવામાં આવે છે. અમુક આવાસોમાં એફીડેવીટ લેવામાં આવેલ નથી તે બાબતની માહિતી માટે અન્ય રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તેમ જણાવવામાં આવેલ.<br><br>મુળ અરજીના મુદ્દા નં.૪ માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અત્રેના વિભાગ ધ્વારા કોઈપણ ફોજદારી કેસ કરવામાં આવેલ નથી. આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય, આપના દ્રારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જણાવવામાં આવેલ. |
| મુદ્દા નં.૫ | સુમન સોરભ LIG-૨૫ B ફલેટ નં.૫૦૩ માં આપશ્રી એ જણાવેલ કે એમના સંબંધી શ્રીમતી દયાબેન પી. મુજાણીએ પ્રતિભાવ આપ્યો તો તે પ્રતિભાવ રૂપી પ્રમાણપત્રમાં લખાણ કોણ કરીને લાવ્યુ હતું કે દયાબેન પોતે પોતાના લખાણ કરી સહી કરી તે બાબતની માહિતી ધાક ધમકી આપીને પ્રમાણપત્ર ઉપર સહી લીધેલ હોય તે બાબતની માહિતી મળેલ નથી. | સદર બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |
| મુદ્દા નં.૬ | અમુક ડિપાર્ટમેન્ટ માંથી જણાવ્યુ આપે કરેલ ફરીયાદ સિવાય બીજા કોઈ લોકોએ કરેલ ફરીયાદ ને કરેલ કાર્યવાહીની માહિતી ન આપી શકાય બીજા ડિપાર્ટમેન્ટે આપી હોય તે બાબત. | મુળ અરજીના મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલ સુમન સૌરભ એલ.આઈ.જી. આવાસ ને લગતી તમામ ફરિયાદ (લેખિત, ટેલિફોનિક તથા ઓનલાઈન) બાબતની માહિતી અને તમામ ફરિયાદ પર કરેલ કાર્યવાહી બાબતે આપશ્રી ધ્વારા કરવામાં આવેલ ફરિયાદ તથા તે મુજબ અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગત બાબતે આંશિક પુર્તતા પાઠવવામાં આવેલ છે તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા કરવામાં આવેલ ફરિયાદ મળેલ હોય જે ફરિયાદો આપશ્રી મારફત કરવામાં આવેલ નથી અને તેથી તેવી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડવામાં આવેલ નથી. |
| મુદ્દા નં.૭ | ૧૯/૦૨/૨૦૨૦ના રોજ કરેલ ફરીયાદ તા.૨૪/૦૨/૨૦૨૦ના રોજ નંબર ડી. ૧૩૫૫૩ ની ફરીયાદ વિજીલન્સ મળેલ નથી. વિભાગમાં થયેલ તેની પર કરેલ કાર્યવાહી ની માહિતી. | સદર અરજી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પ્રદિપભાઈ મનસુખભાઈ મુંજાણી ની તા.૧૯/૦૨/૨૦૨૦ની મુળ અરજી આઈ.ડી.નં.૩૨૯૧ થી માંગેલ માહિતી પરત્વે માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ઘ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૧૭૫૧ તા.૧૬/૦૩/૨૦૨૦ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે યોગ્ય અને નિયમાનુસાર જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૫૧
તા.૩૦/૦૬/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી પ્રદિપભાઈ મનસુખભાઈ મુંજાણી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૨૦–૨૧**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૦૪/૦૨/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૩૦૭૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા. ૧૫/૦૬/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/02/20-21.**

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારે તેઓની આરટીઆઈ એક્ટ હેઠળની અરજી તા.૦૪/૦૨/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૩૦૭૩ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે સદર અરજી જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા કતારગામ ઝોન (મુદ્દા નં.૧ થી ૪ આંશિક), ઉધના ઝોન (મુદ્દા નં.૧,૨,૫ અને ૬ આંશિક) તથા વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગ (મુદ્દા નં.૧ અને ૯ આંશિક તથા મુદ્દા નં. ૭ સંપુર્ણ) અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ તબદીલ કરવામાં આવેલ.તેમજ એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૬૧૮ તા.૧૭/૦૨/૨૦૨૦ ના રોજ નમુનો–ગ મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૬૧૮ તા.૧૭/૦૨/૨૦૨૦ થી આપવામાં આવેલ જે માહિતી સંદર્ભે આપેલ ફરિયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં જાણી જોઈને ગેરમાર્ગે અને અસત્ય તથા માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારીશ્રીઓ પાસે માંગેલ કાયદેસરની માહિતી અપાવવા પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| મુદ્દા નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૧ | અમો અરજદારે મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ સુમન આવાસો ભાડે આપવાના અને ખાલી રાખવાના કૌંભાડના મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી જા.મા.અધિકારી અને એફોર્ડેબલ હાઉસીંગ સેલ પાસે માંગેલ જેના અનુસંધાનમાં જા.મા.અધિકારીશ્રીએ તા.૧૭/૦૨/૨૦૨૦ ના પત્ર નં. એફો.હા. સેલ/૧૬૧૮ થી અમો અરજદારને મુદ્દા નં.૧ ની આંશિક માહિતીમાં ૫૨/– રૂા. ની ફી ની રકમ ભરવાનું અને મુદ્દા નં.૨ થી ૭ સુધીની આંશિક માહિતી અને મુદ્દા નં.૮ ની આંશિક માહિતી નીલ જણાવેલ. મુદ્દા નં.૯ ની માહિતી પણ નીલ જણાવેલ. મુદ્દા નં.૧૦ ની ફ્લેટના કરારની નકલ આપેલ. | આપના ધ્વારા માંગેલ મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાથીઓને કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી લાભાર્થીઓને ફકત આવાસની ફાળવણી કરવામાં આવે છે.તેમજ અત્રેના વિભાગને લાગત માહિતી ધ્યાને લઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૧૬૧૮, તા.૧૭/૦૨/૨૦૨૦થી નમુનો–ગ મુજબની માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. આપના ધ્વારા મુદ્દા નં.૧ થી ૯ ની આંશિક માહિતી નીલ બાબતે અત્રેના વિભાગ ધ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ સુમન આવાસો ભાડે આપવાના અને બંધ હાલતમાં રહેવા બાબતેની ચકાસણી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવતી ન હોય તેવી માહિતી અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય જે ધ્યાને લઈ સદર માહિતી બાબતે અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ કતારગામ ઝોનને (મુદ્દા નં.૧ થી ૪ આંશિક માહિતી),ઉધના ઝોનને (મુદ્દા નં.૧,૨,૫ અને ૬ આંશિક માહિતી) તથા વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગને (મુદ્દા નં.૧ અને ૯ આંશિક માહિતી તથા મુદ્દા નં. ૭ સંપુર્ણ માહિતી) તબદીલ કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| મુદ્દા નં.૨ | જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૦ ના પત્ર નં.વીઆઈડી. ૪૩૫૨ થી મુદ્દા નં.૧, ૭ અને ૯ ની માહિતીમાં કતારગામ, ડભોલી અને ભેસ્તાનમાં મુખ્યમંત્રી આવાસ યોજનાનું કૌભાડ જાતે પકડેલ હોવા છતાં અમો અરજદારની માંગેલ માહિતી ઉપલબ્ધ ન હોવાનું અને કલમ ૨(એફ) અને ૨(જે) બતાવેલ છે. | સદર માહિતી બાબતે અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગને (મુદ્દા નં.૧ અને ૯ આંશિક માહિતી તથા મુદ્દા નં. ૭ સંપુર્ણ માહિતી) તબદીલ કરવામાં આવેલ છે. વધુમાં સદર માહિતી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |
| મુદ્દા નં.૩ | જા.મા.અધિકારી અને આકારણી વસુલાત અધિકારીશ્રી સાઉથ–ઉધના ઝોનના તા.૨૮/૦૨/૨૦૨૦ ના પત્ર નં.સા.ઝોન/ આકારણી–આર.ટી.આઈ.૯૫૩ થી અમો અરજદારને મુદ્દા નં.૧,૨,૫ અને ૬ ની આંશિક માહિતી અને ગેરમાર્ગે દોરનારી આપેલ છે. | સદર માહિતી બાબતે અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ ઉધના ઝોનને (મુદ્દા નં.૧,૨,૫ અને ૬ આંશિક માહિતી) તબદીલ કરવામાં આવેલ છે. વધુમાં સદર માહિતી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |
| મુદ્દા નં.૪ | જા.મા.અધિકારી અને આકારણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થ–કતારગામ ઝોનના તા.૧૬/૦૪/૨૦૨૦ ના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.૦૮ થી અમો અરજદારને મુદ્દા નં.૧,૨,૩ અને ૪ ની માહિતી તેમના વિભાગમાં ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ. | સદર માહિતી બાબતે અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ કતારગામ ઝોનને (મુદ્દા નં.૧ થી ૪ આંશિક માહિતી) તબદીલ કરવામાં આવેલ છે. વધુમાં સદર માહિતી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |

**—: હુ ક મ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૦૪/૦૨/૨૦૨૦ની મુળ અરજી આઈ.ડી.નં.૩૦૭૩ થી માંગેલ માહિતી પરત્વે મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ સુમન આવાસો ભાડે આપવાના અને બંધ હાલતમાં રહેવા બાબતેની ચકાસણી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવતી ન હોય તેવી માહિતી અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય જે ધ્યાને લઈ સદર માહિતી બાબતે અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૧૫૭૯, તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ કતારગામ ઝોનને (મુદ્દા નં.૧ થી ૪ આંશિક માહિતી),ઉધના ઝોનને (મુદ્દા નં.૧,૨,૫ અને ૬ આંશિક માહિતી) તથા વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગને (મુદ્દા નં.૧ અને ૯ આંશિક માહિતી તથા મુદ્દા નં. ૭ સંપુર્ણ માહિતી) તબદીલ કરવામાં આવેલ છે. માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૧૬૧૮ તા.૧૭/૦૨/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૫૦
તા. ૩૦/૦૬/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ એન. બથવાર .......પ્રતિ.... જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


**અપીલ અરજી નં. ૦૩/૨૦–૨૧**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૩/૦૬/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૧૫૨ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૦૭/૦૮/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/03/20-21.**

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારે તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૨૩/૦૬/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૫૨ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૨૪૬ તા.૩૦/૦૬/૨૦૨૦ થી જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ નકલ ફી રૂા. ૦૪/– ભરપાઈ કરી તેની જાણ અત્રેના ખાતાને તા.૧૦/૦૭/૨૦૨૦ના રોજ થયેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા પત્ર નં એફો.હા.સેલ/૩૨૫ તા.૧૮/૦૭/૨૦૨૦ થી નમુના–ગ મુજબ અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા માહિતી પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૩૨૫ તા.૧૮/૦૭/૨૦૨૦ થી આપવામાં આવેલ. જે માહિતી સંદર્ભે આપેલ ફરિયાદ અરજી ૫૨ મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અપીલ અધિકારી એફોર્ડેબલ હાઉસીગ સેલ, અપીલ અધિકારી (નોર્થ ઝોન)કતારગામ ઝોન, અપીલ અધિકારી(વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ) તથા અપીલ અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલને સંબોધીને અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી ૫૨ મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી ગેરમાર્ગે દોરેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| મુદ્દા નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૧ (આંશિક) | અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત ટી.પી.૩૫ એફ.પી.૧૨૦ કતારગામ ડભોલી EWS–૧ ટાઈપ તથા EWS–૮ તથા A,B,C,D બિલ્ડીગો–સુમન પ્રતિક નામના ૧૪ માળના ટાવરોના ૬૬૦ આવાસોના કોભાંડના અનુસંધાનમાં અરજી તા.૧૭/૦૨/૨૦૨૦ ના રોજ કરેલ જેના મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી જા.મા.અધિકારીશ્રીઓ સેકશન ઓફિસરશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલ, ડે.ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ, આકારણી અને વસુલાત અધિકારીશ્રી એ.આર.ઓ, સેકશન ઓફિસરશ્રી વી.આઈ.ડી. પાસે માંગેલ.<br><br>જેના અનુસંધાનમાં ડે.ઈજનેર શ્રી સ્લમ અપગ્રેડેશન સેલે તા.૦૩/૦૬/૨૦૨૦ના પત્ર નં.એસ.યુ.સી./ આર.ટી.આઈ/ આ.નં.૦૮ થી અમો અરજદારને મુદ્દા નં.૧ અને ૨ ની આંશિક માહિતી લાગુ પડતી જણાવેલ પરંતુ માહિતી પાઠવેલ નહી. **જાહેર માહિતી અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલના તા.૧૮/૦૭/૨૦૨૦ના પત્રનં. એફો.હા.સેલ/આ.નં.૩૨૫ થી અમો અરજદારને મુદ્દા નં.૧ થી ૪ની માહિતીની ફી.૪ રૂા. ભરવાનુ જણાવેલ. ૪ રૂા. ફી ભરવાથી અમો અરજદારની સદર હુ આર.ટી.આઈ એકટની અરજી** | અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત T.P.NO.35, કતારગામ, F.P.NO.120, ડભોલીમાં EWS-I ટાઈપ તથા EWS-8 સ્કીમમાં A-B-C-D સુમન પ્રતિક નામના ૬૬૦ આવાસો બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલ. અત્રેના વિભાગને લાગત માહિતી ધ્યાને લઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૩૨૫, તા.૧૮/૦૭/૨૦૨૦ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. જે મુજબ મુદ્દા નં. ૧ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદારને તા.૩૦/૦૧/૨૦૧૮ નાં રોજ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા બાદ તેઓની મૂળ અરજીની તા.૨૩/૦૬/૨૦૨૦ સુધીમાં વિવિધ કારણોસર પરત/રદ થયેલ આવાસ ની વિગત દર્શાવતુ પત્રક મોકલવામાં આવેલ છે. મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી લાભાર્થીઓને આવાસ ફાળવી, દસ્તાવેજ સુધીની કામગીરી એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા કરવામાં આવે છે. અત્રેના વિભાગ ધ્વારા "કન્વેયન્સ ડીડ"(દસ્તાવેજ) રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ આવાસનો કબજો સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા આપવામાં આવે છે. કબ્જો મેળવ્યા બાદ આવાસ–ફ્લેટને ભાડે |

| | | |
|---|---|---|
| | **તા.૨૩/૦૬/૨૦૨૦ રોજની આઈ.ડી.નં. ૧૫૨ ની અરજી મળ્યા બાદ ૨૨ લાભાર્થીઓના ૨૨ આવાસોનુ કેન્સલ લીસ્ટ તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજનુ તૈયાર કરીને મુદ્દા નં.૧ ની માહિતી તરીકે પોસ્ટથી મોકલી આપ્યુ સાથે માહિતીના તબદીલ પત્રને મુદ્દા નં. ૪ ગણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીંગ સેલે મુદ્દા નં.૧ થી ૪ માં ગેરમાર્ગે દોરેલ હોય.** | આપેલ હોય/ બંધ હાલતમાં રહેવા બાબતેની ચકાસણી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવતી ન હોય, સદર બાબતે અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ધ્વારા કતારગામ ઝોન તેમજ સ્લમ અપગ્રેડેશન સેલના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ છે. જેથી અત્રેના ખાતાને લાગુ પડતુ ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ જણાવવામાં આવેલ છે. મુદ્દા નં. ૪ માં જણાવેલ અરજદારની તા.૧૭/૦૨/૨૦૨૦ના રોજની સાદી અરજી પરત્વેની આંશિક માહિતી બાબતે પર્સોનેલ ઓફિસરશ્રીના તા.૨૦/૦૨/૨૦૨૦ના પત્રનં. એફો.હા.સેલ/આ.નં.૧૬૩૭ ની નકલ પાઠવવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૨ | સેકશન ઓફિસરશ્રી વી.આઈ.ડી.ના તા.૧૮/૦૭/૨૦૨૦ ના પત્ર નં.વીઆઈડી. ૪૪૬ થી અમો અરજદારને ૪રૂા. ફી ની રકમ ભરવાનુ જણાવેલ જે ફીની રકમ ભરવાથી પત્રથી નોર્થ (કતારગામ) ઝોનના આસી.કમિશ્નરશ્રીને પાઠવેલ કાર્યવાહીના કોમ્પલાયન્સ રીપાર્ટના બે પત્રની નકલો અમો અરજદારને પાઠવવાનુ જણાવેલ પરંતુ આજ રોજ સુધી આસી.કમિશ્નરશ્રી– નોર્થ (કતારગામ) ઝોનમાંથી અમો અરજદારને માહિતી મળેલ નથી. જાહેર માહિતી અધિકારી અને આકારણી અને વસુલાત વિભાગના અધિકારીશ્રીના તા.૨૨/૦૭/૨૦૨૦ ના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/આ.નં.૮૫ થી અમો અરજદારને કુલ પાના નંગ.૨૪૪ ની ફી ૪૮૮ રૂા. મુદ્દા નં.૨ અથવા ૩ ની માહિતી ના ભરવાનુ જણાવેલ જેના અનુસંધાનમાં અમો અરજદારે કુલ પાના નંગ ૨૪૪ નુ કલમ–૭(૯) અન્વયે પત્યક્ષ નિરીક્ષણ જા.મા.અધિકારીશ્રી એ.આર.ઓ પાસે દિન–૭ (સાત) માં માંગેલ પરંતુ દિન–૧૪ (ચૌદ) સુધીમાં પણ જા.મા.અધિકારીશ્રીએ પત્ર ન મળવાથી તથા અન્ય વિભાગ પાસેથી પણ માહિતી સંતોષકારક ન મળવાથી અમો અરજદાર અસંતુષ્ટ થઈ આર.ટી.આઈ એકટની કલમ–૧૯(૧) અન્વયેથી પ્રથમ અપીલ અરજીથી અપીલ અધિકારીશ્રીઓ પર્સોનેલ અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીંગ સેલ, કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપ.સેલ, આસી.કમિશ્નરશ્રી નોર્થ ઝોન અને વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગશ્રી વી.આઈ.ડી. પાસે અમો અરજદારની માંગેલ માહિતી આપવા અંગેની દાદ માંગીએ છીએ. | સદર મુદ્દા નં.૨ માહિતી બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અત્રેના ખાતાને લાગુ પડતું નથી. |

ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭

એફોર્ડેબલ હાઉસીંગ સેલ
યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૩/૦૬/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૧૫૨થી માંગેલ માહિતી પરત્વે અત્રેના વિભાગ ધ્વારા આવાસો ભાડે આપવાના અને બંધ હાલતમાં રહેવા બાબતેની ચકાસણી કરવામાં આવતી ન હોય, તેવી માહિતી અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, સદર માહિતી બાબતે માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૩૨૫ તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૪૮૩
તા.૨૪/૦૮/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ એન. બથવાર .......પ્રતિ.... જાણ માટે.

| | | |
|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૪/૨૦–૨૧</u>**

**અરજદાર :** શ્રી કૃપાશંકર મિશ્રા

**સામાવાળા :** સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી કૃપાશંકર મિશ્રાની તા.૦૮/૦૭/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૧૬૨ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૧૭/૦૮/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/04/20-21.**

અરજદાર શ્રી કૃપાશંકર મિશ્રાએ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૦૮/૦૭/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૬૨ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં.એફો.હા.સેલ/૩૬૦ તા.૨૪/૦૭/૨૦૨૦ થી નકલ ફી રૂા. ૧૬૪૪/– ભરપાઈ કરવા જણાવેલ. જે અન્વયે મજકુર અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. અરજદાર દ્વારા તેઓની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૧૬૨ તા.૦૮/૦૭/૨૦૨૦ના રોજ માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ પર્સોનેલ ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ને સંબોધીને વરાછા ઝોન ખાતે કરવામાં આવેલ. જે વરાછા ઝોન દ્વારા ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં.૫૧૫ તા.૨૬/૦૮/૨૦૨૦ થી એફોર્ડેબલ હાઉસીંગ સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ મળેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં.એફો.હા.સેલ/૩૬૦ તા.૨૪/૦૭/૨૦૨૦ થી નકલ ફી રૂા. ૧૬૪૪/– ભરપાઈ કરવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે નકલ ફી ભરપાઈ કર્યા પહેલા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી કયા મુદ્દાની કેટલી ફી બાબતે તથા ફી ભરવાનો પ્રયત્ન પૂર્ણરૂપથી ભ્રામક અને અપૂર્ણ છે તથા સુચના અધિકારીનુ નામ તથા સંપર્ક નંબર નથી. જેથી આપને નિવેદન છે કે ધારા ૧૯/૧ મુજબ સુનાવણી કરે તેમજ સુચના અધિકારીને મને પૂર્ણ સુચના આપવા માટે આદેશ આપવા તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પુર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અ.નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | તા.૦૮/૦૭/૨૦૨૦ કે આવેદન કે સંદર્ભ મે પુર્ણ સૂચના પ્રદાન આધિનિયમ મે નિધારીત સમય પુર્ણ હો જાને કે બાદ ભી મુજે પ્રાપ્ત નહી હુઆ હૈ. કુલ–૭ મુદ્દા એવમ ૪ બંડો મે માંગી ગઈ કી જગહ કુલ રૂા.૧૬૪૪/– ફી ભરને કા પ્રદાન મુજે પ્રાપ્ત હુઆ હૈ. જિસસે યહ જ્ઞાત નહી હોતા કી કિસ "મુદ્દા" વ કિસ "બંડ" કી સુચના દી જા રહી ઔર કિસકા નહી દી જા રહી હૈ. આવેદન કે અનુરૂપ ફીસ ભરને કા પ્રદાન પૂર્ણરૂપ સે ભ્રામક વ અપૂર્ણ હૈ. પ્રાપ્ત ફીસ પ્રદાન મે સુચના અધિકારી કા નામ સંપર્ક નંબર ભી નહી હૈ.<br><br>આપસે વિન્રમ નિવેદન હૈ કિ અધિનિયમ કી ધારા ૧૯/૧ કે તહત સુનવાઈ કરે તથા સૂચના અધિકારી કો મુજે પૂર્ણ સૂચના પ્રદાન કરને કા આવેદન દે, યુકિ પૂર્ણ સૂચના અધિનિયમ કે નિયમાનુસાર નહી દી ગઈ હૈ અધિનિયમ કે ઉલ્લંઘન કે સંદર્ભ મે પ્રાવધાનો કે અનુસાર કાર્યવાહી કા આદેશ દે.<br><br>અરજદારને સુનાવણી માટે પાઠવેલ પત્ર નં.એફો.હા.સેલ.આ.નં. ૫૪૯ તા.૦૮/૦૯/૨૦૨૦ અન્વયે પત્ર પાઠવી આર.ટી.આઈ. એકટ–૨૦૧૦ મે સ્પષ્ટ પ્રાવધાન હે કી સુચના અધિકારી નિર્ધારિત ૩૦ દિન મે નમુના–'ગ' મે સ્વીકાર–અસ્વીકાર કરતે હુવે સુચના પ્રદાન કરેગા. એસી સ્થિતિમે આપસે વિનમ્ર આગ્રહ હે કી આપ તા.૧૪/૦૯/૨૦૨૦ કી સુનવાઈમે આવેદનકા અવલોકન કરે ઔર ધારા–૧૯/૧ કે તહેત સુચના અધિકારીકો પુર્ણ સુચના પ્રદાન કરનેકા આદેશ દે. સુનવાઈમે મે અનુપસ્થિત રહેને કે લીએ ક્ષમાપ્રાર્થી હું. | અરજદારની મુળ અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૩૬૦ તા.૨૪/૦૭/૨૦૨૦ થી નકલ ફી ભરપાઈ કરવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે નકલ ફી ભરપાઈ કર્યા પહેલા પ્રથમ અપીલ દાખલ કરેલ છે. અપીલ તબકકે અરજદારની સુનાવણીની રજુઆત ધ્યાને લઈ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૫૨૨ તા.૦૨/૦૯/૨૦૨૦ થી તા.૦૭/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે એફોર્ડેબલ હાઉસીંગ સેલ ખાતે હાજર રહેવા જણાવેલ. જેમા અરજદાર શ્રી કૃપાશંકર મિશ્રા હાજર રહયા ન હતા જે ધ્યાને લઈ યાદપત્ર પાઠવી ફરી સુનાવણી માટે તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૩૬૦ તા.૨૪/૦૭/૨૦૨૦ થી નાણા ભરપાઈ કરવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે નકલ ફી ભરપાઈ કર્યા પહેલા પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જેના સંદર્ભે અરજદારને રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૫૨૨ તા.૦૨/૦૯/૨૦૨૦ થી તા.૦૭/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે એફોર્ડેબલ હાઉસીંગ સેલ ખાતે હાજર રહેવા જણાવેલ. જેમા અરજદાર શ્રી કૃપાશંકર મિશ્રા હાજર રહયા ન હતા જે ધ્યાને લઈ યાદપત્ર પાઠવી ફરી સુનાવણી માટે તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ. સદર બાબતે તેમના દ્વારા સુનાવણીમાં હાજર રહી શકે તેમ ન હોય તેમજ તેમાં જણાવેલ વિગતે નમુના–'ગ' મુજબ માહિતી આપવા સુચન કરેલ છે. સદર બાબત ધ્યાને લેતા અરજદારને માંગવામાં આવેલ માહિતી જે તે મુદ્દાઓમાં કઈ માહિતીની નકલ ફી ભરપાઈ કરવા જોગ છે તે બાબતે કયા મુદ્દાની, કઈ માહિતીના કેટલા પાના તેમજ કેટલી નકલ ફી ભરવા જોગ છે તે બાબતે જાહેર માહિતી અધિકારીને અરજદારને નમુના–'ગ' માં પત્ર પાઠવવા વિગતથી હુકમ કરવામાં આવે છે. ત્યારબાદ અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી દ્વારા અગાઉ પત્ર નં. એફો.હા.સેલ/૩૬૦ તા.૨૪/૦૭/૨૦૨૦ થી નાણા ભરપાઈ કરવા જણાવેલ નમુના–'ખ' માં જણાવ્યા મુજબની નકલ ફી રૂ.૧૬૪૪/– અથવા તે પૈકી જરૂરીયાત મુજબની નકલ ફી ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૬૦૨
તા. ૧૫/૦૯/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફો.હા.સેલ) પ્રતિ...... અમલ માટે.
**નકલ રવાના:** શ્રી કૃપાશંકર મિશ્રા.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૫/૨૦–૨૧**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૦/૦૮/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૪૧૬ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૮/૦૯/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/05/20-21.**

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારે તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૧૦/૦૮/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૪૧૬ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૪૮૨ તા.૨૪/૦૮/૨૦૨૦ થી જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૨૮/૦૮/૨૦૨૦ ના રોજ નકલ ફી રૂા. ૦૬/– ભરપાઈ કરી તેની જાણ અત્રેના ખાતાને તા.૩૧/૦૮/૨૦૨૦ના રોજ થયેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા પત્ર નં એફો.હા.સેલ/૫૧૫ તા.૩૧/૦૮/૨૦૨૦ થી નમુના–ગ મુજબ અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા માહિતી પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૫૧૫ તા.૩૧/૦૮/૨૦૨૦ થી આપવામાં આવેલ. જે માહિતી સંદર્ભે અપીલ અધિકારી એફોર્ડેબલ હાઉસીંગ સેલને સંબોધીને અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી ન મળવાથી અસંતુષ્ટ થઈ તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી ન મળવાથી અસંતુષ્ટ થઈ હોવાનું જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત ટી.પી.૩૫ એફ.પી.૧૨૦ કતારગામ ડભોલી EWS–૧ ટાઈપ અને EWS–૮ સ્કીમના સુમન પ્રતિક ૧૪ માળના ટાવરોમાં આવાસ લાભાર્થીઓના કૌભાંડની માહિતી આર.ટી.આઈ એકટની અરજી તા.૨૩/૬/૨૦૨૦ ની આઈ.ડી.નં ૧૫૨ થી માંગેલ.<br>જેમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીએ તા.૧૮/૦૭/૨૦૨૦ નં પત્ર નં. એફો.હા.સેલ નં. ૩૨૫ થી અમો અરજદારને ૨૨ લાભાર્થીઓના આવાસો તા.૨૩/૦૬/૨૦૨૦ સુધીમાં વિવિધ કારણોસર પરત/રદ થયેલ પત્રક પાઠવેલ. જેનાં અનુસંધાનમાં અમો અરજદારે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી પાસે મુદ્દા નં.૧ માં ૨૨ લાભાર્થીઓના આવાસો કેન્સલ થયેલાની પત્રકની મુદ્દા નં.૨ માં ૨૨ લાભાર્થીઓમાંથી જેટલા લાભાર્થીઓને આવાસ ખાલી કરવાની નોટીસો પાઠવેલ હોય તે નોટીસની મુદ્દા નં.૩ માં ૨૨ લાભાર્થીઓમાંથી જેટલા લાભાર્થીઓએ આવાસો પરત કરેલા ના લાભાર્થીઓની લેખિત અરજી અથવા પત્રોની નકલ મુદ્દા નં.૪ માં ૨૨ લાભાર્થીઓના આવાસો ખાલી થયેલાઓની જગ્યાએ વેઈટીંગ લીસ્ટના ૨૨ લાભાર્થીઓને ફાળવેલ આવાસ EWS–૮/ABCD ફલેટ નંબર, નામ સહિતના પત્રકની માહિતી માંગેલ. | અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તઈ.ઈદફઈઘ૫, કતારગામ, F.P.NO.120, ડભોલીમાં EWS-I ટાઈપ તથા EWS-8 સ્કીમમાં A-B-C-D સુમન પ્રતિક નામના ૬૬૦ આવાસો બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલ. અત્રેના વિભાગને લાગત માહિતી ધ્યાને લઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૩૨૫, તા.૧૮/૦૭/૨૦૨૦ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.<br>જે મુજબ મુદ્દા નં. ૨ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદારને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી લાભાર્થીઓને આવાસ ફાળવણી કરી લાભાર્થીઓના તમામ નાણાં ભરપાઈ થયા બાદ "કન્વેયન્સ ડીડ"(દસ્તાવેજ) એફોર્ડેબલ હાઉસીંગ સેલ ધ્વારા કરવામાં આવે છે. સદર ૨૨ લાભાર્થીઓ ધ્વારા આવાસના તમામ નાણાં ભરપાઈ કરેલ ન હોય તેમને અત્રેના વિભાગ ધ્વારા "કન્વેયન્સ ડીડ"(દસ્તાવેજ) કરવામાં આવેલ નથી કે આવાસનો કબજો સોપવામાં આવેલ નથી. જેથી સદર લાભાર્થીઓને આવાસો ખાલી કરવાની કે કન્વેયન્સ ડીડ રદ કરવાની નોટીસો પાઠવેલ નથી તેમ જણાવવામાં આવેલ છે.<br>મુદ્દા નં. ૩ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદારને મુદ્દા નં.૧ ની પુર્તતામાં જણાવ્યા મુજબ તા.૨૩/૦૬/૨૦૨૦ ની સ્થિતિએ ૨૨ લાભાર્થીઓના પરત/રદ થયેલ આવાસો બાબતે સ્પષ્ટતાસહ માહિતી |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| જેમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૩૧/૦૮/૨૦૨૦ નાં પત્ર નં. ૫૧૫ થી અમો અરજદારને માહિતીની ફી ૬ રૂા. ભરવા જણાવેલ. જેની ફી ની રકમ ભરવાથી અમો અરજદારને પત્રથી મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી મળેલ અને **બાકીના મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી ન મળવાથી અમો અરજદાર અસંતુષ્ટ થઈ આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ–૧૯(૧) અન્વયેથી પ્રથમ અપીલ અરજીથી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર પાસે તેમનાં સેલના જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી અમો અરજદારની મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી અપાવવાની દાદ માંગીએ છીએ.** | પત્રકનાં Reason માં પાઠવવામાં આવેલ છે. સદર ૨૨ લાભાર્થીઓ પૈકી જે લાભાર્થીઓએ આવાસ પરત કરેલાની લેખિતમાં અરજી કરેલ હોય તેવા લાભાર્થીઓની અરજીની યાદી બાબતે સદર અરજીમાં તેમના દ્વારા સરનામુ તથા મોબાઈલ નંબર જણાવવામાં આવેલ હોય જે માહિતી ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. આપને લાભાર્થીઓએ આવાસ પરત કરેલાની સાથે લેખિતમાં અરજી અથવા પત્ર લખીને એફોર્ડેબલ હાઉસીંગ સેલને આપેલ હોય તે અરજી/પત્રોની માહિતીની નકલોની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી તેમ જણાવવામાં આવેલ છે. આથી અરજદાર ધ્વારા મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી મળેલ નથી જે વ્યાજબી જણાતી નથી. |

<u>**–: હુ ક મ :–**</u>

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૦/૦૮/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૪૧૬ થી માંગેલ માહિતી પરત્વે અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, સદર માહિતી બાબતે માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૫૧૫ તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૬૩૬
તા.૨૩/૦૯/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ એન. બથવાર .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૬/૨૦–૨૧**

**અરજદાર :** શ્રી સોસા અજયભાઈ કાનજીભાઈ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફો.હા.સેલ).

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી સોસા અજયભાઈ કાનજીભાઈની તા.૧૮/૦૯/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૭૫૫ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા. ૨૩/૧૦/૨૦૨૦ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/06/20-21.**

અરજદાર શ્રી સોસા અજયભાઈ કાનજીભાઈ તેઓની આરટીઆઈ એક્ટ હેઠળની અરજી તા.૧૮/૦૯/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૭૫૫ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૬૪૯ તા.૨૮/૦૯/૨૦૨૦ થી નમુના–ગ મુજબ અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા માહિતી પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૪૯ તા.૨૮/૦૯/૨૦૨૦ થી આપવામાં આવેલ. જે માહિતી સંદર્ભે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી આપના ખાતા દ્વારા ખોટી માહિતી આપી છે તેમજ આ માહિતી આપના ખાતાની નથી કાયદામાં સ્પષ્ટ ઉલેખ છે કે માહિતી ખોટા જગ્યાએ નખાય ગઈ હોય તો આપના દ્વારા સાચા ખાતામાં પહોચાડવાની જવાબદારી આપની હોય છે તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

જે માહિતી સંદર્ભે અપીલ અધિકારી એફોર્ડેબલ હાઉસીંગ સેલને સંબોધીને અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં માહિતી ન મળવાથી અસંતુષ્ટ થઈ તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| પ્રતિશ્રી, માહિતી અધિકારીશ્રી,<br>આપશ્રીને જણાવવાનુ કે અમોએ અપીલ કરીએ છીએ કે અમોએ સુરત શહેરમાં ધી બોમ્બે પ્રોવિઝનલ મ્યુનિસિપલ એકટ ૧૯૪૯ BPMC Act ૧૯૪૯ કાયદાની કલમ ૬૨(૨) ની અનુસંધાનમાં માહિતી માંગેલી પણ આપના ખાતા દ્વારા અમને ૬૨(૨) ની માહિતી આપી અને તે ખોટી માહિતી આપી છે. તદઉપરાંત અમો એ બીજ આર.ટી.આઈ પણ આજ એકટ ૧૯૪૯ કલમ ૬૨(૨) ની જ માહિતી માંગી છે. પણ અમોને બીજી આર.ટી.આઈની માહિતી આપી નથી અને આપના ખાતા દ્વારા અમોને ટપાલ દ્વારા કહે છે કે આ માહિતી અમારા ખાતાની નથી કાયદામાં સ્પષ્ટ ઉલેખ છે કે માહિતી ખોટા જગ્યા એ નખાય ગઈ હોય તો આપના દ્વારા સાચા ખાતામાં પોંચાડવાની જવાબદારી આપની હોય છે. | આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલ માટે કોઈપણ બજેટમાં અનુસુચિત જાતિ, જન જાતિ અને પછાત વર્ગોના રહેઠાણની સુવિધા માટે સીધી જોગવાઈ મુજબ રેવન્યુ આવકના નાણા ફળવાતા ન હોય તેમજ અત્રેના વિભાગમાં કાઈપણ પ્રકારની રેવન્યુ આવક થતી ન હોય, સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા મુખ્યમંત્રી ગૃહયોજના તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્લમ અપગ્રેડેશન સેલ દ્વારા બનાવવામાં આવતા આવાસ અંગે જાહેરાત આપી અરજીઓ મંગાવી ડ્રો કરવાની, આવાસની નકકી કરેલ કિંમતની વસુલાત તથા દસ્તાવેજ અંગેની કામગીરી કરવામાં આવે છે. જે ધ્યાને લઈ એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૬૪૯ તા.૨૮/૦૯/૨૦૨૦ થી નમુના–ગ મુજબની અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. આપના દ્વારા ખોટી માહિતી આપી છે તે રજુઆત યથાયોગ્ય નથી તેમજ આપની અરજી લાગત ખાતામાં પણ તબદીલ થયેલ હોય જે ધ્યાને લઈ માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવા જોગ જણાયેલ ન હતી. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સોસા અજયભાઈ કાનજીભાઈની તા.૧૮/૦૯/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૭૫૫ થી માંગેલ માહિતી પરત્વે અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, સદર માહિતી બાબતે માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. આપના દ્વારા ખોટી માહિતી આપી છે તે રજુઆત યથાયોગ્ય નથી તેમજ આપની અરજી લાગત ખાતામાં પણ તબદીલ થયેલ હોય જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવા જોગ જણાયેલ ન હતી. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૬૪૯ તા.૨૮/૦૯/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૮૦૯
તા. ૦૩/૧૧/૨૦૨૦

**(મો.સઈદ યુસુફ ભામ)**
**એપેલેટ અધિકારી અને**
**ડે.એકાઉન્ટન્ટ,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાના:** માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી સોસા અજયભાઈ કાનજીભાઈ.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૭/૨૦–૨૧</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**– અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૦૪/૧૨/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૧૪૭૭ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૩૦/૦૧/૨૦૨૧ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/07/20-21.**

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારે તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૪૭૭ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ.જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે અરજદાર ધ્વારા નકલ ફી રૂા. ૦૪/– ભરપાઈ કરીએથી પત્ર નં એફો.હા.સેલ/૧૦૩૬ તા.૦૧/૦૧/૨૦૨૧ થી નમુના–ગ મુજબની અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૩૬ તા.૦૧/૦૧/૨૦૨૧ થી અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ. અરજદારે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી સંદર્ભે પ્રથમ અપીલ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ અપીલ અધિકારી આસી. કમિશ્નરશ્રી નોર્થ ઝોન, વિજીલન્સ & ઈન્સપેકશન વિભાગ, તથા અપીલ અધિકારી એફોર્ડેબલ હાઉસીગ સેલને સંબોધીને અપીલ તબકકે આપેલ ફરીયાદમાં અરજદાર દ્વારા મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં માહિતી અંશતઃ મળવાથી તેમજ રેકર્ડ ઉપર ન હોવાનું તથા ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

અરજદાર દ્વારા અપીલ તબકકે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી અંશતઃ મળવાથી તેમજ રેકર્ડ ઉપર ન હોવાનું તથા ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. તેમ જણાવી જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| અમો અરજદારે તા.૧૭/૦૨/૨૦૨૦ ની અરજીમાં પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત ટી.પી.૩૫ (કતારગામ) એફ.પી.૧૨૦ ડભોલીમાં A,B,C,D સુમન પ્રતિક બિલ્ડીગો નામના ૪ ટાવરો ૧૪ માળના ૬૬૦ આવાસોમાં ચાલતી ગેરરીતીનાં અનુસંધાનનાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ.<br><br>જેનાં અનુસંધાનમાં **એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીએ તા.૧/૧/૨૦૨૧ થી અમો અરજદારને મુદ્દા નં.૧ની માહિતીની નકલોની ફી ભરવા જણાવેલ. જે ફી ની રકમ ભરવાથી અમો અરજદારને પત્રથી અંશતઃ માહિતીની નકલો મળેલ**.જયારે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના સેકશન ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૧૨/૨૦૨૦ ના પત્રથી અમો અરજદારને મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ અને નોર્થ (કતારગામ) ઝોનના આકારણી અને વસુલાત વિભાગના અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૧૨/૨૦૨૦ ના પત્ર થી અમો અરજદારને મુદ્દા નં.૨ થી ૪ ની માહિતીમાં ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. જેનાથી અમો અરજદાર અસંતુષ્ટ થઈ | આપના દ્વારા મુળ અરજી તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૪૭૭(નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. અત્રેના વિભાગને લાગત માહિતી ધ્યાને લઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૧૦૩૬, તા.૦૧/૦૧/૨૦૨૧ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.<br><br>મુદ્દા નં. ૧ થી માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી સંદર્ભે અરજદારને મુદ્દા નં.૧ ની પુર્તતામાં જણાવ્યા મુજબ નકલ ફી રૂા. ૦૪/– ભરપાઈ કરીએથી તા.૦૪/૧૨/૨૦૨૦ ની સ્થિતિએ વિવિધ કારણોસર પરત/રદ થયેલ આવાસ ની વિગત દર્શાવતુ પત્રક આપવામાં આવેલ છે. તેમજ લાભાર્થીઓ ધ્વારા આર્થિક કે અન્ય કારણોને લીધે જે લાભાર્થીઓએ આવાસો જતા કરેલા તેવા લાભાર્થીઓની એડવાન્સમાં અરજી સાથે ભરેલ રકમ પરત મેળવવા અને આવાસો ન જોઈતા અંગેની આપેલ અરજીઓમાં તેમના દ્વારા સરનામુ તથા મોબાઈલ નંબર જણાવવામાં આવેલ હોય જે માહિતી ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. આપને લાભાર્થીઓની અરજીની નકલો આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી તેમ જણાવવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ–૧૯(૧)અન્વયેથી પ્રથમ અપીલ અરજીથી વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રી અને અપીલ અધિકારી તથા નોર્થ (કતારગામ) ઝોનના આસી.કમિશ્નરશ્રી અપીલ અધિકારી સમક્ષ દાદ માંગીએ છીએ કે અમો અરજદારે માંગેલ મુદ્દા નં. ૨ થી ૫ની માહિતી આપશ્રીના જાહેર માહિતી અધિકારીશ્રીઓની કાયદેસરની ફરજની જવાબદારીમાં કાર્યક્ષેત્રમાં આવતી હોય અને જેમાં અમો અરજદારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ હોય જેથી અમો અરજદારે માંગેલ માહિતી અપાવવા વિનંતી છે.<br>અને **એફોર્ડેબલ હાઉસીંગ વિભાગના પર્સોનેલ ઓફિસરશ્રી અને અપીલ અધિકારીએ પોતાના એફોર્ડેબલ હાઉસીંગ સેલના સેકશન ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારી પાસેથી મુદ્દા નં.૧ ની પુરી માહિતી અપાવવા વિનંતી છે.** | મુદ્દા નં. ૨ થી ૪ (આંશિક) માહિતી સંદર્ભે કન્વેયન્સ ડીડ રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ એફોર્ડેબલ હાઉસીગ સેલ ઘ્વારા કોઈપણ પ્રકારનુ ચેકીગ કરવામાં આવતુ ન હોય તેમજ ભાડે આપવાના કારણોસર કોઈપણ લાભાર્થીની ફાળવણી રદ કરવા તેમજ લાભાર્થીઓએ પોતાને મળેલ આવાસો અન્ય ત્રાહિત વ્યકિતને રીસેલ વેચાણથી આપેલ ખરીદનાર વ્યકિતઓ આવાસમાં રહેતા રંગેહાથે પકડેલા બાબતેની અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. સદર માહિતી બાબતે લાગત ઝોન તથા ખાતાને અરજી તબદીલ થયેલ છે. તેમ જણાવવામાં આવેલ છે.<br>મુદ્દા નં. ૫ થી માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી સંદર્ભે લાભાર્થીઓના કન્વેયન્સ ડીડ રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ લાભાર્થીઓને આવાસો ફાળવ્યા બાદ લાભાર્થીઓ ઘ્વારા આવાસો ૭ વર્ષ સુધી ભાડે કે રીસેલ વેચાણથી અન્ય ત્રાહિત વ્યકિતને આપવાના રહેશે નહિની શરતો ભંગ કરેલ હોય તેવા લાભાર્થીઓ વિરુઘ્ઘ કરવામાં આવેલ કાયદેસરની કાર્યવાહીની માહિતી બાબતેની અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જણાવવામાં આવેલ છે. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૦૪/૧૨/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૧૪૭૭ થી માંગેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ઘ્યાને લેતા અત્રેના વિભાગ ઘ્વારા પુરી પડાયેલ માહિતીથી આપ નારાજ થયેલ માલુમ પડેલ હોય તેમ જણાતુ નથી. અત્રેના વિભાગ ઘ્વારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૧૦૩૬ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ઘ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૨૮૦
તા.૦૯/૦૨/૨૦૨૧

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ એન. બથવાર .......પ્રતિ.... જાણ માટે.